વર્ષ : ૫ અંક : ૮ માર્ચ–૨૦૨૨

# પલાશ



શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર








વર્ષ : ૫

# પલાશ

અંક : ૮

અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા

## પલાશત્વ...

કડકડતી ઠંડી પછી, ઉનાળાનું આગમન, ધોમ ધખતા તાપ પછી વરસાદનું આગમન તેમ કોરોનાની મહામારી પછી વિદ્યાર્થીઓનું શાળામાં આગમન થવાથી પાનખર પછી વસંતનું આગમન થાય તેવી શબ્દાનુભૂતિ થઇ રહી છે.

શાળામાં બાળકોનું આગમન, પ્રાર્થના, વર્ગખંડની પ્રક્રિયાઓ, રમત-ગમત, બાળકોનો કોલાહલ અને બાળકોના ચહેરા પરનું હાસ્ય એ ઇશ્વરના હસ્તાક્ષર જેમ આપણને હ્દ્યાનુભૂતિ કરાવે છે.

બાળકોનું જ્યારે ઓફલાઇન શિક્ષણ શરૂ થયું છે ત્યારે જે અધ્યયન નિષ્પતિઓમાં બાળકો કચાશ ધરાવતા હોય તેનું આકલન કરી તેનું ઊચારાત્મક શિક્ષણ થઇ જાય તો ભયો ભયો. જો આ સંવેદના આપણામાં ઊગી નીકળે તો તે ધોમ ધખતાં તાપમાં જેમ પલાશ ખીલી જાય છે ને ફોરમ પ્રગટાવે છે તેમ આપણો વર્ગખંડ પલાશત્વ બની જાય.

વસંતના આગમનની શુભેચ્છાઓ...

આવ્યો રૂડો ફાગણિયો...

**પત્રવ્યવહાર – સંપર્ક :**

ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શ્રી ખોડુ કન્યા શાળા, મારી શાળાની વાત... | ૩ |
| ૨ | ઘડતરની પાઠશાળા... નિશાળ | ૭ |
| ૩ | સરકારી શાળા શ્રેષ્ઠ શાળા | ૭ |
| ૪ | અધ્યયન શૈલી (Learning Style) | ૮ |
| ૫ | સાચાબોલા સસલાભાઇ | ૧૦ |
| ૬ | 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ગુજરાત તૈયાર છે.' | ૧૨ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઈઝ ૧૨ મા કમ્પ્યુટરરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઈ–મેઈલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઈ–મેઈલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

"પ્રવૃત્તિ દ્વારા, ગુણવત્તાયુક્ત અને સંસ્કારલક્ષી શિક્ષણ આપતી શાળા એટલે

# શ્રી ખોડુ કન્યા શાળા

## મારી શાળાની વાત...

**- મહેન્દ્રભાઈ ડાભી**

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના આશરે ૮ હજારની વસ્તી ધરાવતા ખોડુ ગામમાં ત્રણ પ્રાથમિક શાળાઓની અંદર આશરે પાંચ વિઘામાં પથરાયેલ મેદાનમાં ખોડુ કન્યા શાળામાં ઈ.સ. ૨૦૧૪માં મારી એચ.ટાટ તરીકે નિમણૂક થઈ.શાળાનું મોટું મેદાન. મેદાનમાં માત્ર આઠ વૃક્ષો જ. ચારે બાજુ આવળ, બાવળ અને બોરડી. દરવાજા વિના ઢોરઢાંખરના ખડકલા સાથે સુંદર મજાનું બિલ્ડીંગ. શાળામાં પ્રાથમિક સુવિધાઓનો તદન અભાવ. શાળા પરિવારમાં ચાર ભાઈઓ અને છ બહેનો તથા ૨૯૧ બાળકો સાથે કામ કરવાનું હતું.

શાળામાં સૌપ્રથમ જલધારા, સેનીટેશનના તાળાં તોડી આવળ, બાવળ, બોરડી જાતે જ કાઢી કામની શરૂઆત કરી.ગ્રાન્ટના અભાવના સૌથી મોટા પડકારની વચ્ચે કામ કરવાની શરૂઆત થઇ ચૂકી હતી.દરવાજો હતો, પણ મૃતઃપ્રાય હાલતમાં.તેને રુમમાંથી કાઢી ચડાવવાની તૈયારી કરી, તે વખતે તો ગામના એક વ્યક્તિએ એવું મહેણું મારતા ગયા કે આટલા વર્ષે તમને ગેટ સાંભર્યો? તેમને કદાચ એવી ખબર નહોતી કે સાહેબ નવા આવ્યા છે. એક સાહેબે કીધું કે નવા આચાર્ય સાહેબ આવ્યા છે તો તેઓ પણ સહકારમાં જોડાઈ ગયા.આ પહેલી સફળતા જોઈ મનમાં ઘણો આનંદ થયો.

શાળામાં શિક્ષક મિત્રો સાથે ચર્ચા કર્યા બાદ ગામની ઘણી નકારાત્મક વાતો સાંભળ્યા છતાં પણ વાલી મીટીંગ કરવાનું નક્કી કર્યું. ધાર્યા કરતાં આશરે ૨૦૦ જેટલા લોકો વાલી મીટીંગમાં હાજર રહ્યા. લોકોને શાળા વિશે વાત કરી. અમે શું કરવા માગીએ છીએ,તેની નવીન વાત મૂકી તો લોકોમાં પણ અનેરો ઉત્સાહ આવી ગયો. જે પણ કાંઈ નકારાત્મક વાતો સાંભળી તેનાથી કંઈક જુદું જ પરિણામ જોવા મળ્યું. જે સુખદ રહ્યું.

શાળામાં આધુનિક સાઉન્ડ સિસ્ટમ સાથે રોજેરોજની અલગ પ્રાર્થના,વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ડ્રેસ કોડ તથા બાળકોને લેસન ડાયરીથી શાળાનું વાતાવરણ ગુંજતું થયું. ગામમાં એક ખાનગી શાળા પણ હતી. લોકોને પણ ખાનગીશાળાનું ખૂબ ઘેલું હતું, તો તે દૂર કરવા શાળાને જ ખાનગી શાળા ને ટક્કર મારે તેવી વિવિધ સુવિધા સભર બનાવવાનો સંકલ્પ કર્યો. ઘણી બધી મુશ્કેલી અને સંઘર્ષો વચ્ચે ભવ્યાતિભવ્ય વાર્ષિકોત્સવ "પ્રયાસ" કર્યો. શાળામાં, ગામમાં,તાલુકામાં, જિલ્લામાં તેની અનન્ય સુગંધ પ્રસરાય ગઇ. વાર્ષિકોત્સવમાં ગામલોકોએ એક લાખ રકમ જેટલો ફાળો આપ્યો. જેમાંથી બાળકો માટે પાણીની પરબ અને વોટર કુલરની વ્યવસ્થા થઈ ગઈ.

વાર્ષિકોત્સવ કર્યા બાદ ગ્રામજનોની શાળા પ્રત્યે વિશેષ લાગણી બંધાઈ. લોકો સામેથી શાળામાં સહયોગ આપવા તત્પર થયા.ધીમે ધીમે શાળાના વાતાવરણમાં નવી ઉર્જા જોવા મળી. શાળામાં ધાર્મિક તહેવારો રાષ્ટ્રીય તહેવારો તથા મહાનુભવોની જન્મ જયંતિ, પુણ્યતિથિ ખૂબ જ ઉત્સાહભેર અને અતિ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. જેમાં ગ્રામજનો,

વાલીઓ, S.M.C. સભ્યો વગેરેનો સહયોગ ખૂબ જ મળી રહે છે. શાળાની ઘણી સમસ્યાઓ ગામ લોકોના સહયોગથી આપોઆપ જ દૂર થવા લાગી.

શાળાને હરિયાળી બનાવવા દર વર્ષે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવે છે. જેમાં S.M.C. સભ્યો, પાટીદાર યુવા ગ્રૂપ તેમજ ગામના અન્ય યુવાનો ખૂબ સહકાર આપે છે. સાથે સાથે શિક્ષકો, વાલીઓ તથા ગ્રામજનો પણ વૃક્ષોને પાણી તેમજ તેનું જતન કરવામાં ખૂબ જ મદદ કરે છે. આજે આઠ વૃક્ષોની બદલે શાળામાં આશરે હજારેક વૃક્ષો જોવા મળે છે. શાળાનું મેદાન વૃક્ષોરૂપી ઘરેણાથી ભરાયેલું જોવા મળી રહ્યું છે.

૨૬ મી જાન્યુઆરી ૨૦૧૫ /૨૦૧૬ દરમિયાન ગામમાં એક અનોખી રીતે સરઘસ કાઢ્યું. શાળાની દીકરીને ઝાંસીની રાણી બનાવી. ગ્રામજનોના સહયોગથી દીકરીને એક ઘોડી પર બેસાડી ઢોલ-નગારા, ડીજે સાથે ટ્રેક્ટર માં બાળકોને વેશભૂષામાં દેશના વિવિધ ક્રાંતિકારી સ્વરૂપે બેસાડી રાષ્ટ્રીય તહેવારની સવારને સોનેરી બનાવી. રાષ્ટ્રીય તહેવારની ઉજવણીથી ગ્રામજનો અને શાળા પરિવારમાં ખુશીનો માહોલ બંધાયો. અગાઉ જ્યારે રાષ્ટ્રીય તહેવારોમાં લોકફાળો આવતો ન હતો તે આ પ્રયત્નથી ગ્રામજનોએ સ્વેચ્છાએ અને ઉત્સાહથી ફાળો આપવા લાગ્યા. રાષ્ટ્રીય તહેવારોમાં તેમની હાજરી પહેલા કરતા બમણી થઇ. ગ્રામજનો અને બાળકોથી રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં શાળાનું મેદાન ભરાઈ ગયું.

શાળામાં ભવ્ય રસોઈ શો કરવામાં આવે છે.જેમાં દીકરીઓ શાળામાં જ ચૂલો, સગડી કે ગેસ પર રસોઈ બનાવે છે અને તેનું પ્રદર્શન કરવામાં આવે છે તેમજ વિવિધ સ્ટોલ ઉભા કરી તેને વહેંચવામાં આવે છે. આજુબાજુની શાળા અને ગ્રામજનો, વાલીઓ, બહેનો આ પ્રવૃત્તિ જોવા મોટા પ્રમાણમાં આવે છે તથા દાતાઓની વણજાર લાગે છે. એકવાર વધારે સગડીઓ વાપરવાથી વાયરિંગ બળી ગયું, તો ગામના વાલીઓએ ૨૪ કલાકમાં દિવસ રાત ઉજાગરા કરી રાતોરાત ફરીથી વાયરીંગ કરી દીધું.આ બધા કાર્યક્રમો અને ઉજવણીથી ગામ અને શાળાનો એક પરિવાર જેવો નાતો બનતો ગયો. શાળા અને ગામ જાણે એક જ પરિવારના હોય તે રીતે બધા ના ભાવ અને પ્રેમ મળતા ગયા.

શાળાની ભૌતિક સગવડો વધારવા અને શાળાને સુંદર બનાવવા તેમજ શાળા વિકાસ માટે સૌના સહકારની નીતિ ને ધ્યાનમાં રાખી ચારે દિશાઓમાં પ્રયત્ન ચાલુ કર્યા. જેમાં ગ્રામપંચાયતમાંથી પેવર બ્લોક રોડ,કમ્પાઉન્ડ વોલ તથા સરકારશ્રી દ્વારા શાળા અપગ્રેડેશન પ્રોજેક્ટ મંજૂર કરાવ્યા. શાળામાં હાલ અપગ્રેડેશન ચાલુ છે. ૫૦% કામ પૂર્ણ થઇ શક્યું છે. બાકીનું કામ ગતિમાં છે. અમારી શાળા ગુણોત્સવના ગ્રેડમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી છે. NMMS પરીક્ષા માં ૧૦૦% રિઝલ્ટ જોવા મળી રહ્યું છે. દર વર્ષે બે થી ત્રણ બાળકો મેરીટમાં આવી શિષ્યવૃત્તિ મેળવે છે. NMMSના વર્ગો શાળા સમય બાદ રજાના દિવસોમાં પણ લેવામાં આવે છે. શાળામાંથી નવોદયની પરીક્ષા પાસ કરે છે. પ્રતિભાશાળી બાળકો પણ શાળામાં વધતા જોવા મળે છે. પરીક્ષા અગાઉ શાળામાં શાળાના સમય બાદ અને રજાના દિવસોમાં વાંચન અભિયાન પણ ગોઠવવામાં આવે છે.

શાળામાં શિક્ષણની સાથે સાથે સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ જેવી કે સર્વ રોગ નિદાન કેમ્પ તથા મોતિયાના ઓપરેશન કેમ્પ પણ ગોઠવવામાં આવે છે. જેમાં ૧૦૦થી પણ વધારે

લાભાર્થીઓએ લાભ મેળવેલ છે. ગામ સાથે આ કાર્યથી  મજબૂત રીતે જોડાવાની અદભુત તક મેળવી રહ્યા છીએ.

ખોડુ ગામમાં એક ખાનગી શાળા હતી.જે તે જ વર્ષે બંધ થઇ  છે. ત્યારબાદ બીજી બે ખાનગી શાળા શરૂ થઈ, પણ હાલમાં એક શાળા તેમાંથી પણ બંધ થઈ ગઈ છે અને બીજી શાળામાં પણ ગામની એક પણ દીકરી ત્યાં અભ્યાસ કરતી નથી. ગામલોકો પણ સરકારી શાળાનો જ આગ્રહ રાખે છે.

કોરોના કાળ દરમિયાન શાળા પરિવાર દ્વારા ઓનલાઈન કલાસ,શેરી શિક્ષણ,અનાજ વિતરણ સાથે સમયનો સદુપયોગ  કરી શાળાના ભૌતિક વિકાસ માટે વેસ્ટ પ્લાસ્ટીકના કુંડાને રંગરોગાન,બેન્ચીસને કલરકામ,પ્રજ્ઞાના ટેબલ પર લખાણ,કિચન ગાર્ડન,ઔષધબાગ,પુષ્પવાટિકા,નંદનવન જેવી પ્રવૃત્તિઓ દ્વારા શાળાની સુંદરતામાં વધારો કર્યો.કોરોના કાળ બાદ બાળકો શાળાએ આવતા થાય તે માટે રમતોત્સવ સાથે પૌષ્ટિક નાસ્તો, શાળા સમય પહેલા ૭ દિવસની યોગ શિબિર અંતર્ગત યોગ–પ્રાણાયામ,સૂર્ય નમસ્કાર,ગીતા અધ્યયનનું  તથા સંસ્કૃતના અષ્ટકો પઠન કરવાનું આયોજન કરવામાં આવ્યું.

આ વર્ષે જ શાળામાં શિક્ષકો દ્વારા ૫૦૦૦ના પુસ્તકો સાથે પ્રીતિભોજન તેમજ ગામના સહયોગથી પ્રજ્ઞા વર્ગ માટે ૧૦૦૦૦ની ટાઈલ્સ તથા તિથી ભોજનની સુંદર વ્યવસ્થા થઈ.ગીતા જયંતિ નિમિતે શિવાનંદ આશ્રમ રતનપર દ્વારા ગીતાના અધ્યાયનું પઠન સાથે દરેક બાળકોને ગીતાની પુસ્તિકા ભેટ આપવામાં આવી તેમજ તેના ગીતા સારના વક્તવ્ય સાથે હોંશભેર ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી.

શાળામાં ભલાઈનું ટેબલ,સાબુ બેંક,પ્લાસ્ટિક મુક્ત ભારત, પક્ષીપરબ, અન્નપુર્ણા પર્વ, પર્યાવરણ જતન જાળવણી,ભારતીય સંસ્કૃતિના ગૌરવ વધે તેવા કાર્યક્રમો, સામાજિક જાગૃતિ,સ્વચ્છતા કાર્યક્રમો દ્વારા ગામ સાથેનો ઘરોદો કેળવી ગામનો સહકાર લઇ સુંદર અને સુચારું વ્યવસ્થાપન થઇ રહ્યું છે.

આજે અમારી શાળામાં આશરે ૧૦૦૦ નાના મોટા વૃક્ષો, વિવિધ બાગબગીચા, વિશાળ મેદાન સાથે આકર્ષક રંગરોગાન સાથે સુવિધાયુક્ત, ભારતીય સંસ્કૃતિની પ્રણાલી સાથે સ્વયં શિસ્ત બદ્ધ શાળા ચાલી રહી છે.અમારી શાળા ગ્રીન શાળા, સંસ્કાર સાથે ગુણવતા યુક્ત શાળા એવી અનોખી છે ખોડુ કન્યા શાળા...

**- આચાર્યશ્રી, ખોડુ કન્યા શાળા, વઢવાણ**












## જિલ્લા કક્ષાએ ગણિત -વિજ્ઞાન પ્રદર્શનમાં પસંદ થયેલ કૃતિઓને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પરિવાર અભિનંદન પાઠવે છે.

| ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| ૧ | છત્રીયાળા પ્રાથમિક શાળા, તા.ચુડા | મોડેલ સ્કુલ, લીંબડી |
| ૨ | થાન-૬ પ્રાથમિક શાળા, તા.થાન | શેઠ જે. એસ. સરકારી હાઈસ્કૂલ, ચોટીલા |
| ૩ | લીમલી કુમાર પ્રાથમિક શાળા, તા.મુળી | તેજેન્દ્રપ્રસાદજી મા. અને ઉ.મા. શાળા, મુળી |
| ૪ | વિઠ્ઠલગઢ પ્રાથમિક શાળા, તા.લખતર | શ્રી પી. જી. એન. એમ. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, જોરાવરનગર, તા.વઢવાણ |
| ૫ | સડલા પ્રાથમિક શાળા, તા.પાટડી | સર જે. હાઈસ્કુલ, લીંબડી |

# ઘડતરની પાઠશાળા... નિશાળ

**- શ્રી નારણભાઇ સી. વાઘેલા**

આમ તો બાળક માટે નિશાળનો વિકલ્પ બીજો કોઇ હોઇ શકે ખરો ...? ઘણું વિચારતા જવાબ ન મળ્યો.

શાળાનાં પ્રાંગણમાં  પગ મૂકતા જ બાળક માટે જીવનમૂલ્યોના પાઠ કેમ જાણે આપો આપ શીખવા મળતા હોય ... પાંગરતાં હોય તેવુ લાગે .આજે ફરી પાછી નિશાળે નિશાળીયાઓને સાદ પાડ્યો.....શાળામાં પ્રવેશતા જ ચકોર વિદ્યાર્થી તુષારની નજર શાળાનાં ઝાડની ડાળીએ ટીંગાતા કબૂતર પર પડી. મોટેથી રાડ પાડી... સાહેબ......

ઝાડની ઉંચી ડાળીએ ગુંચવાયેલી પતંગની દોરીમાં ડોક– પગ ફસાયેલા અને એમ ટીંગાતુ કબુતર.......

મૌન ભાષામાં મોટેથી અવાજ કરતું હશે .... ? કેમ જાણે બાળક સાંભળી ગયો અને કબૂતર બચી ગયુ.જીવદયા ટ્રસ્ટને ફોન કરતા સારવાર અર્થે તેઓ  કબૂતરને લઇ ગયા.

ઉતરાયણ બાદ દોરીની ગુંચો તો લઇ લીધી તી પણ ઉંચા ઝાડેથી નહિ લેવાયેલ પતંગના દોરાની ગૂંચમા કબૂતરને ઘવાયેલું જોઇ મન આઘાતમાં સરી પડ્યુ. આ આઘાતે ઘણું વિચારતો કર્યો.

રખે ન............. ?

**- જોરાવરનગર-૭,  મો.૯૯૭૯૦૭૧૯૭૨**

# સરકારી શાળા શ્રેષ્ઠ શાળા

જીવનલક્ષી શિક્ષણ અને કૌશલ્ય આધારિત તથા કાર્યાનુભવ સાથેનું શિક્ષણ આપવા માટેનો નાનકડો પ્રયાસ...શ્રી પ્રાથમિક શાળા નંબર–૧૭ સુરેન્દ્રનગરમાં કેબિનેટ મંત્રી અને સુરેન્દ્રનગરના લોકલાડીલા સાંસદ શ્રી ડોક્ટર મહેન્દ્ર ભાઈ મુંજપરા સાહેબ ના વરદ હસ્તે ધોરણ ૬ થી ૮ ની દીકરીઓ માટે બે સિલાઈ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું.જેમાં લોક સહયોગ આજ શાળાના નિવૃત શિક્ષિકા ભારતીબેન વી. સિદ્ધપુરાનો મળેલ છે.તેમની સાથે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીનરેન્દ્ર ભાઈ મુંજપરા સાહેબ તેમજ વોર્ડ સદસ્ય બકાલાલભાઈ અને નિશાબેન કેલા તેમજ અન્ય મહેમાનોમાં જસ્મીન ભાઈ મુંજપરા તથા વિનીતાબેન ભૂતડા હાજર રહ્યા હતા.  સર્વે મહેમાનોના હસ્તે ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધા,વાંચન સ્પર્ધા તેમજ કલા મહાકુંભ સ્પર્ધામાં વિજેતા બાળકોને  ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.





# અધ્યયન શૈલી (Learning Style)

- ડો. કેતન ગોહેલ

**અધ્યયન એટલે શું?**

વર્તમાન સમયમાં શિક્ષણ એ રાષ્ટ્ર વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે અધ્યાપન મનોવિજ્ઞાનના કેટલાક ઘટકો પૈકી શીખવું એ મુખ્ય ઘટક છે. અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા ઔપચારિક અને અનૌપચારિક રીતે થાય છે.

શીખનાર પોતાના જ્ઞાનાત્મક બંધારણના આધાર પર કોઈ જ્ઞાનનું વહન કરે તેવી સક્રિય પ્રક્રિયાને શીખવું કહેવાય – Michigan State University (૨૦૦૬)

અધ્યયન એટલે વર્તનમાં પરિવર્તન આવવું. અધ્યયન એ એક જ્ઞાનાત્મક પ્રક્રિયા છે.

અધ્યયન એટલે શીખવું અને અધ્યાપન એટલે શીખવવું આ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા ને અસર કરતાં ઘણા પરિબળો છે જેમકે વિદ્યાર્થી સંબંધી પરિબળ, શાળા સંબંધી પરિબળ, વિષયવસ્તુ સંબંધિત પરિબળ, ઘર સંબંધી પરિબળ, વાતાવરણ સંબંધી પરિબળ અને પ્રક્રિયા સંબંધી પરિબળ. આમ વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરનાર ઘણા પરિબળો છે તેમાંનું એક પરિબળ અધ્યયન શૈલી (Learning Style) છે.

**અધ્યયન શૈલી એટલે શું?**

અધ્યયનશૈલી એ શીખવા માટેનો જુદો એક માર્ગ છે. કેટલાક જોઈને શીખે છે, કેટલાક સાંભળીને અને કેટલાક ક્રિયા દ્વારા શીખે છે. – Rose (૧૯૮૭)

વિદ્યાર્થીઓની માહિતી મેળવવાની, તેને અર્થગ્રહણ કરવાની અને તેના પર પ્રક્રિયા કરવાની પોતાની રીત હોય છે, તેને અધ્યયન શૈલી કહે છે. – Felder (૧૯૯૬) and Charles (૧૯૯૭)

શીખવાની જુદીજ રીત કે જે માહિતીનું અર્થઘટન તારવે છે તે ને અધ્યયન શૈલી કહે છે. -Atkin (૨૦૦૬)

**અધ્યયનશૈલીની વ્યાખ્યા પરથી. કહી શકાયકે,**

- શીખવામાટેનો સાદો પણ અલગજ અભિગમ છે.
- વિદ્યાર્થીઓ પોતાની પરિસ્થિતિ પોતાની અધ્યયન શૈલી દ્વારા જોવાનો પ્રયત્ન કરે છે.
- અધ્યયનશૈલી જુદીજુદી પરિસ્થિતિમાં અલગ રીતેજ વિચાર કરવાની પ્રકિયામાં મદદરૂપ થાય છે.

ડેવિડ કોલ્બ દ્વારા સૌપ્રથમ લર્નિંગ સ્ટાઈલ મોડેલ આપવામાં આવ્યું. ડો.રીટા દુનન દ્વારા Dunn Dunn Learnning Style Model મોડેલ આપવામાં આવ્યું. ડો. રિચાર્ડ ફેલ્ડર Felder-Silverman Learning Style Model મોડેલ આપવામાં આવ્યું. આ તમામ શિક્ષણશાસ્ત્રીઓ એ જે અધ્યયન શૈલીના મોડેલ આપ્યા તેના આધારે આપણે કહી શકીએ કે વર્ગખંડમાં મુખ્ય ત્રણ પ્રકારની અધ્યયન શૈલી ધરાવતા વિદ્યાર્થીઓ જોવા મળે છે. દ્રશ્ય અધ્યેતા (Visual Learner), શ્રાવ્ય અધ્યેતા (Auditory Learner) અને ક્રિયાત્મક અધ્યેતા (Kinesthetic Learner).

## દ્રશ્ય અધ્યેતાની લાક્ષણિકતા અને અધ્યાપન યોજના

દ્રશ્ય અધ્યેતાની લાક્ષણિકતાઓ જોઈએ તો આવા અધ્યેતા લખવાનું વધુ પસંદ કરે, કોઈ કોન્સેપ્ટ પર ચિત્ર કે ડાયાગ્રામ બનાવે છે, ચીજ વસ્તુઓની યાદી બનાવે છે, ફ્લેશ કાર્ડનો ઉપયોગ કરે છે, વર્ગમાં પ્રથમ બેંચ પર જ બેસે છે, શિક્ષકોને જોયા કરે છે, શ્રાવ્ય સૂચનાને દ્રશ્ય સ્વરૂપે જોવે છે, વ્યાખ્યાન સૂત્રો સિદ્ધાંતો વગેરેને દ્રશ્ય ઈમેજ આપે છે, તેઓને રંગ વધુ ગમે છે, પાઠ્યપુસ્તકમાં હાઈલાઈટર અને અંડર લાઈનિંગનો વધુ ઉપયોગ કરે છે, ઉત્તર આપતી વખતે ઉત્તર ક્યાં છે તે મનની આંખો વડે પાઠ્યપુસ્તકમાં જોવે છે, માનસિક રીતે હંમેશા ચિત્ર રૂપે જુએ છે, માઈન્ડ મેપ્સનો ઉપયોગ વધુ કરે છે.

દ્રશ્ય અધ્યેતા માટે અધ્યાપન યોજનાનું આયોજન આ મુજબ હોઈ શકે. આવા અધ્યેતા માટે ડાયાગ્રામ, ગ્રાફ, ચિત્ર, ફ્લેશ કાર્ડ, રમત, નકશા, મેગેઝીન ડિસ્પ્લે, તહશમચ તવજ્ઞ, હાઈલાઈટર એક્ટિવિટી, બુલેટિન બોર્ડ, ટીવી–શો, ચાર્ટ નિદર્શન, પ્રોજેક્ટર, ફિલ્મ, મોડેલ બનાવવા, નાટક, કલર રાઈટીંગ, પોસ્ટર્સ વગેરેનો ઉપયોગ વધુ કરી શકાય.

## શ્રાવ્ય અધ્યેતાની લાક્ષણિકતા અને અધ્યાપન યોજના

શ્રાવ્ય અધ્યેતાની લાક્ષણિકતાઓ જોઈએ તો તેઓ પુસ્તક મોટેથી વાંચે છે, આંખો બંધ કરીને મનન કરે છે, સાંભળ્યા બાદ તેની ચર્ચા કરે છે, કોઈપણ માહિતી યાદ કરે તો મોટેથી બોલે છે, માહિતીને યાદ કરવા માટે વાક્ય કે શબ્દોનો પહેલો અક્ષર યાદ રાખે છે, પોતાના શીખવા માટે અન્યને વિષયવસ્તુનું વર્ણન કરે છે, વારંવાર પ્રશ્નો પૂછે છે, શબ્દો સાંભળે અને તે આધારે વર્ણન કરે છે, અથવા તે મુજબ નાટક કરે છે, વાંચન કરતાં ચાલે અથવા તો સંગીત સાંભળે, માહિતીનું એકત્રીકરણ મનમાં કરે છે, ચર્ચામાં વધુ ભાગીદારીતા નોંધાવે છે.

શ્રાવ્ય અધ્યેતા માટે અધ્યાપન યોજનાનું આયોજન આ મુજબ હોઈ શકે. આવા અધ્યેતા માટે વ્યાખ્યાન પદ્ધતિ, પેનલ ડિસ્કશન, સંગીત, વાર્તા કે પ્રસંગ કથન, શાબ્દિક રમતો, ચર્ચા, બ્રેઈન સ્ટોર્મિંગ, ટેપ રેકોર્ડીંગ, જૂથ ચર્ચા, મૌખિક પ્રેઝન્ટેશન, પાઠ વાંચન, ટીવી એને રેડિયોની વાત, વગેરે જેવા માધ્યમો સૌથી વધુ અનુકૂળ આવે છે.

## ક્રિયાત્મક અધ્યેતાની લાક્ષણિકતા અને અધ્યાપન યોજના

ક્રિયાત્મક અધ્યતાઓની લાક્ષણિકતા જોઈએ તો આ વિદ્યાર્થીઓ હાથ બનાવટનો સૌથી વધુ ઉપયોગ કરે છે, મોડેલ જેવી વસ્તુઓ બનાવે છે, વર્ગની બરાબર વચ્ચે બેસે છે, તેઓને cut & paste કાર્યમાં મજા આવે છે, નાટક અને ક્રિયામાં વધુ રસ લે છે, કોઈનું લખાણ ગમતું નથી પોતાની રીતે લખે છે, રમત–ગમતમાં વધુ ભાગીદારી નોંધાવે, વર્ગમાં પોતાને અનુકૂળ હોય એ રીતે બેસે છે, ઉદાહરણો વધુ આપે, વાતચિત કરતા સમયે પોતાના અનુભવો સાથે જોડે છે, કોયડાઓ ઉકેલવામાં એને ખુબ મજા આવે છે, વર્ગખંડના વિષયવસ્તુને પોતાની રીતે ક્રિયા કરી કે વર્ણન કરીને યાદ રાખવા પ્રયાસ કરે છે, જૂથ અને ચર્ચામાં ભાગીદારી વધારે નોંધાવે, થોડા ચંચળ વધુ જોવા મળે છે.

ક્રિયાત્મક અધ્યેતા માટે અધ્યાપન યોજનાનું આયોજન આ મુજબ હોઈ શકે. આવા અધ્યેતા માટે ક્ષેત્ર પર્યટન, નાટક, પ્રયોગ, દોરવું અને જોવાની પ્રવૃત્તિ, બ્લેકબોર્ડ એક્ટિવિટી, પ્રોજેક્ટ, પપેટ–શો, play games, મેદાની અને રમતો, ઝીણવટ પૂર્વકનું કાર્ય, રીડિંગ વિથ વર્કિંગ, સર્જનાત્મક કાર્ય cut and paste એક્ટિવિટી હાથથી થતી

તમામ ક્રિયાઓ, ઉખાણા, કલરિંગ બુક્સ અને પ્રયોગશાળા આધારિત કાર્ય વધુ સોંપી શકાય. અધ્યયન શૈલી આધારિત અધ્યાપનીય યોજનાનું મહત્વ

વર્ગખંડમાં દ્રશ્ય,શ્રાવ્ય અને ક્રિયાત્મક અધ્યેતાઓને શોધવા માટે પ્રમાણિત અધ્યયન શૈલી સંશોધનિકા (Learning Style Inventory)નો ઉપયોગ કરી શકાય. પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે અધ્યયન શૈલી આધારિત ઘણા સંશોધનો થયેલ છે. ડેવિડ કોલ્બને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ પર અધ્યયન શૈલી આધારિત સંશોધનમાં મોટી સફળતા પ્રાપ્ત થયેલ છે. ઓસ્ટ્રેલિયામાં અધ્યયન શૈલી આધારિત સ્કૂલ પણ ચાલે છે, જેમાં અધ્યયન શૈલી આધારિત બાળકોની અધ્યાપન યોજનાનું આયોજન થયેલ છે.

વિદ્યાર્થીઓની પોતાની શૈક્ષણિક સિદ્ધિ સુધારવા માટે અધ્યયન શૈલી મહત્વનો ફાળો આપે છે. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વિકસાવવા અને હકારાત્મક અભિગમ વિકસાવવા અધ્યયન શૈલી આધારિત અધ્યાપન અગત્યતા ધરાવે છે. અધ્યયન શૈલી સમસ્યાનો ઉકેલ લઈ આવવા, વિચારવા અને વ્યક્તિગત કૌશલ્ય શીખવા માટે ઉપયોગી છે. આમ વર્તમાન સમયમાં શિક્ષક પોતે વિદ્યાર્થીની અધ્યયન શૈલી વિશે જાણે પોતાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી ઓળખવામાં મદદરૂપ થાય અને જો શક્ય હોય તો અધ્યયન શૈલી આધારિત અધ્યાપન યોજના ગોઠવે અને તે આધારિત અધ્યાપન કરાવે તો વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ આત્મવિશ્વાસ, અભિગમ અને વ્યવહારકુશળતામાં વધારો થાય છે. આમ અધ્યયન શૈલી એ શીખવાના ઘણા પરિબળો પૈકીનું એક અગત્યનું પરિબળ છે.

**- અધ્યાપક,**

**શ્રી સી.એચ.શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર**

# સાચાબોલા સસલાભાઈ

**- તુલસીભાઇ જી. મકવાણા**

એક મોટું જંગલ હતું. આ જંગલમાં સિંહ, વાઘ, વાંદરો, શિયાળ, સસલુ જેવા પ્રાણીઓ રહેતા હતા. જંગલમાં સૌ પ્રાણીઓ સંપીને રહેતા હતા. આ જંગલનો રાજા સંજુ સિંહ હતો. સંજુ સિંહ પણ ખૂબ સારો હતો. તે બિનજરૂરી ક્યારેય પણ નાના–મોટા પ્રાણીઓને હેરાન કરતો નહોતો. આ જંગલમાં જ્યારે કોઈ પણ પ્રાણીઓ વચ્ચે વિવાદ કે તકરાર થતાં ત્યારે તેઓ સંજુ સિંહની પાસે વિવાદના સમાધાન માટે પહોંચી જતા. સંજુ સિંહ પણ આવા બધા વિવાદો માટે દર સોમવારે પોતાની સભા બોલાવી ન્યાય કરતો. આમ આ જંગલમાં બધા પ્રાણીઓ સુખ શાંતિથી રહેતા હતા.

એક દિવસની વાત છે આ જંગલમાં રહેતા શકરા શિયાળ અને ખીખી ખિસકોલી વચ્ચે ઝઘડો થયો. ખીખી ખિસકોલીએ ખુબ મહેનતથી એકઠી કરેલી મગફળીની શકરા શિયાળે ચોરી કરી અને ખાઈ ગયો. આખા ઉનાળા દરમિયાન ખુબ મહેનતથી ખીખી ખિસકોલીએ ચોમાસામાં ખાવા માટે આ મગફળી એકઠી કરેલી. શકરો શિયાળ આ મગફળી ખાઈ જતા ખીખી ખિસકોલી તો દોડી સંજુ સિંહ પાસે. સંજુ સિંહ પાસે પહોંચી ખીખી ખિસકોલી બોલી–“ મહારાજ શકરા શિયાળને દંડ કરો“ સંજુ સિંહે પૂરી વાત સાંભળી શકરા શિયાળને સોમવાર ની સભામાં હાજર થવા ફરમાન કર્યું સાથે સાથે ખીખી ખિસકોલીને પણ

શકરા શિયાળ પર મુકેલા આરોપના પુરાવા અને સાક્ષી સાથે હાજર રહેવા જણાવ્યું.

ખીખી ખિસકોલી અને શકરા શિયાળને ખબર હતી કે મગફળી ચોરીના સમયે સલમાન સસલો શકરા શિયાળને જોઈ ગયેલો, એટલે ખીખી ખિસકોલી પહોંચી સલમાન સસલા પાસે અને બોલી “ સલમાન સસલાભાઈ તમે મહારાજને સાચી વાત જણાવીને મને મદદ કરશો ને?“તો સલમાન સસલાભાઈ બોલ્યા “ શા માટે નહીં ખિસકોલી બહેન! હું જરૂર સાચી વાત મહારાજ ને કહીશ અને શકરા શિયાળની ચોરી મહારાજને જણાવી. તમે બિલકુલ ચિંતા ન કરતા!“ શકરા શિયાળને પણ ખબર હતી કે સલમાન સસલાભાઈ જો સંજુ સિંહને સાચી વાત કરશે તો એને જંગલમાંથી કાઢી મુકવામાં આવશે, એટલે કોઈ પણ ભોગે સલમાન સસલાને સાચું બોલતો અટકાવવા અને ખોટું બોલવા માટે તૈયાર કરવાનું વિચાર્યું. આ શકરો શિયાળ બહુ લુચ્ચો હતો. એતો ધીમે પગલે સલમાન સસરાના ઘેર પહોંચ્યો. તેણે જોયું તો સલમાન સસલાના બે બચ્ચા ઘરની બહાર રમતા હતા. એમાંથી એક ને એણે ઉપાડી લીધું અને બીજા બચ્ચાને કહેતો ગયો–“ જો તારા પપ્પા સલમાન સસલા ને કહી દેજે આવતીકાલે સોમવારે એ સંજુ સિંહની સામે સાચું બોલ્યો તો આ બચ્ચાને હું ખાઈ જઈશ..!“ બીજું બચ્ચું તો રડવા લાગ્યું. થોડીવારમાં સલમાન સસલો આવ્યો તો બીજા બચ્ચાએ રડતા રડતા વાત કરી. સલમાન સસલો તો ડરી ગયો. હવે શું કરવું જો સાચું બોલે તો એના બચ્ચાને શકરો શિયાળ મારી નાખે અને ખોટું બોલવું એ તો પાપ કહેવાય, એટલે એને તો આખી રાત ઊંઘ ન આવી. પોતાના બચ્ચાની હાલત વિષે એ વિચાર કરતો રહ્યો.. વહેલી સવારે એણે શું કરવું તે નક્કી કરી નાખ્યું.

બીજા દિવસે સોમવારે સવાર થતાં જ સંજુ સિંહ ની સભા મળી. ખીખી ખિસકોલી અને શકરો શિયાળ હાજર થયા. ખીખી ખિસકોલીએ ચોરીના સાક્ષી તરીકે સલમાન સસલાને રજૂ કર્યો. સંજુ સિંહે સલમાન સસલા ને કહ્યું–“ જે સાચી વાત હોય એ કહે.“ સલમાન સસલો તો ખૂબ જ રડવા લાગ્યો. સિંહ રાજાએ રડવાનું કારણ પૂછતાં તેણે શકરા શિયાળે પોતાના બચ્ચાને ઉપાડી જઈ પોતાને ખોટું બોલવા માટે મજબૂર કર્યો હોવાનું જણાવ્યું. સાથે સાથે શકરા શિયાળે જ ખીખી ખિસકોલીની મગફળી ચોરેલી એ સાચી વાત પણ કહી દીધી. સંજુ સિંહ તો શકરા શિયાળ પર ખુબ જ ગુસ્સે થઈ ગયો. સંજુ સિંહે શકરા શિયાળને તરત જ સલમાન સસલાના બચ્ચાને પાછું આપવા કહ્યું. શકરો શિયાળ તો સલમાન સસલાની સત્યનિષ્ઠાથી અચંબો પામી ગયો અને સંજુ સિંહ અને સલમાન સસલાની માફી માંગી, બચ્ચાને પાછું આપ્યું અને પોતાની ચોરીની વાત પણ કબૂલ કરી.

સંજુ સિંહે તો સલમાન સસલાએ પોતાના બચ્ચાના જીવની પરવા કર્યા વિના સાચું બોલવા ના કરેલા નિર્ણયના ખુબ વખાણ કર્યાં અને શકરા શિયાળને જંગલ છોડી જવાની સજા આપી, વળી સલમાન સસલાને કઠિન પરિસ્થિતિમાં પણ સાચું બોલવાના ઈનામ રૂપે સરસ મજાનો મુગટ પહેરાવી આખા જંગલમાં ડીજેના તાલે સરઘસ કાઢી ’ હીરો નંબર–૧’ નો એવોર્ડ આપ્યો.

આખા જંગલમાં બધા પ્રાણીઓએ પણ સલમાન સસલાના સાચું બોલવાના નિર્ણયની પ્રશંસા કરી સલમાન સસલાને માન આપ્યું. તો બાળદોસ્તો આપણે પણ ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ હંમેશા સાચું બોલવું જોઈએ.

**- એસ. આઈ. સુરેન્દ્રનગર**

# 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ગુજરાત તૈયાર છે.'

-ડૉ. કોમલ વ્યાસ

'રાષ્ટ્રીય સિક્ષણ નીતિ ૨૦૨૦ની જાહેરાત થતાં, આ નીતિમાં સૂચવેલ મુદ્દાઓ રાષ્ટ્રની પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં યથોચિત અને વિદ્યાર્થી કેન્દ્રી આવકારદાયક ફેરફારો સૂચવે છે. ખાસ કરીને NEPમાં સમાવિષ્ટ ECCE અંતર્ગત ૩ થી ૮ વર્ષના બાળકો માટે પૂર્વ પ્રાથમિક અને ધો. ૧–૨. ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવેલ બાબતો આજથી ૨ દાયકા પહેલાં અમલમાં આવેલ. એ સમયે અમલમાં મૂકાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોની રચનાની સમગ્ર પ્રક્રિયાને આ લેખ દ્વારા ટૂંકમાં પ્રસ્તુત કરી NEP 2020 સાથે તુલના કરવાનો પ્રયાસ છે.

૧૯૯૪માં કેન્દ્રસ્તરે અપનાવવામાં આવેલી નીતિ મુજબ MLL (લઘુતમ અધ્યયન કક્ષા) આધારિત અભ્યાસક્રમ નક્કી કરી પાઠ્યપુસ્તકોની રચના કરી. જેમાં મુખ્યત્વે દરેક બાળકે સિદ્ધ કરવાની ક્ષમતાઓ પર ભાર આપી ગુણવત્તાને સિદ્ધ કરવાનું રાખવામાં આવેલ. પરંતુ શિક્ષક કેન્દ્રી વર્ગશિક્ષણની પ્રક્રિયાથી ખસીને અને ૧૯૯૩માં પ્રો. યશપાલ સમિતિ દ્વારા તૈયાર થયેલ 'ભાર વિનાના ભણતર' અને 'બાળક કેન્દ્રી આનંદદાયી પ્રક્રિયા' તરફના શૈક્ષણિક અનુભવમાં ગુણાત્મક ફેરફાર હાંસલ કરવાનું બાકી હતું.

૧૯૯૪માં જ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP) શરૂ થયો. અને આ કાર્યક્રમ અંતર્ગત કેટલીક વૈકલ્પિક રૂપરેખા તૈયાર કરવામાં આવી. જેવી કે,

૧. MLL ની ક્ષમતાઓને કેવળ મૂલ્યાંકનના લક્ષ્યો ગણવી, બાળકના પ્રારંભિક તબક્કાના શિક્ષણ સાથે વિષયોની જાણકારીને અદ્યતન બનાવવી.

૨. પ્રવૃત્તિ આધારિત અધ્યાપનનો અભિગમ.

૩. 'બાળક મિત્ર' જેવાં પાઠ્યપુસ્તકો, જે બાળકને એમની સાથે વધુ ક્રિયાશીલ બનાવે. ઉપરાંત શિક્ષકોને ઉપયોગી શિક્ષક હાથપોથી અને શાળા પર્યાવરણમાંથી અધ્યયન સામગ્રી (TLM)નું નિર્માણ.

૪. શિક્ષકોની ભાગીદારીવાળી અને અનુભવ આધારિત પદ્ધતિઓનો ઉપયોગ કરતી શિક્ષક તાલીમ.

આ માટે DPE એ મે–૧૯૯૭માં નારગોલ મુકામે ૭ દિવસના 'સંકલ્પનાત્મક શિબિર'નું આયોજન કર્યું. જેના સંયોજનની જવાબદારી DPEP ને ટેકનિકલ મદદ કરનારી સંસ્થા 'Education consultants India Limited' (Ed. CIL) ને સોંપવામાં આવી. આ શિબિરના કેન્દ્રસ્થ વિષયોઃ

૧. બાળક

૨. શિક્ષક

૩. શીખવા – શીખવવાની પ્રક્રિયા અને

૪. શાળેય શિક્ષણની નવી સમજણ હતા.

રાજ્યમાંથી શિક્ષણવિદો, કેળવણીકારો, બિનસરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, પ્રાથમિક / માધ્યમિક શાળાઓના આચાર્યો–શિક્ષકો, અને DPEP/GCERT/DIETના અધિકારીઓ–અધ્યાપકો મળીને કુલ ૬૦ જેટલા શિબિરાર્થીના રાજ્ય તજજ્ઞ જૂથ (SRG) ની રચના થઇ. નારગોલ શિબિર, નક્કર અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકની પુનઃરચનાની

યોજના તરફ ગતિ કરવા માટેનું વિધેયાત્મક વાતાવરણ સર્જવા માટે અગત્યનું માધ્યમ બની રહી. SRG દ્વારા સર્વસંમતિથી નક્કી થયેલ મુદ્દાઓ પર ભવિષ્યમાં શિબિરોનું આયોજન કરવા નક્કી થયેલ.

નારગોલની 'સંકલ્પનાત્મક શિબિર'ના અનુસંધાનમાં July'97 માં (Ed. CIL)ના સહયોગથી GCERT આયોજિત કાર્યશાળાનું ઇડર મુકામે આયોજન થયું. જેનો મુખ્ય વિષય 'શિક્ષક તાલીમ' હતો. તાલીમ વિશે અને તાલીમના તમામ પાસાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને તાલીમ અંગેની સમજ સ્પષ્ટ કરવામાં આવેલ. આ કાર્યશાળામાંથી પ્રાપ્ત દિશાસૂચન ભવિષ્યની તાલીમ માટે બહુ ઉપયોગી બની રહી.

ઇડરની કાર્યશાળા બાદ Jul '97માં જ GCERT એ પાલીતાણા મુકામે 'શાળા તત્પરતા' મોડ્યુલનું નિર્માણ કરી તે અંગે રાજ્ય કક્ષાની પાલીતાણા મુકામ સઘન તાલીમ આપવામાં આવી. સાથ સાથ 'ક્ષમતાલક્ષી દિવાસ્વપ્ન' કાર્યશાળાનું પણ આયોજન કરવામાં આવ્યું. ગિજુભાઇ બધકાએ કરલા શૈક્ષણિક પ્રયોગો પર તમણે લખેલ 'દિવાસ્વપ્ન' પુસ્તક આધારિત ધો.૧ અન ૨ના ગુજરાતી, પર્યાવરણ અને ગણિત વિષયોની ક્ષમતાઓને ગીતો, વાર્તા, રમત, નાટક અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સિદ્ધ કરી શકવા 'ક્ષમતાલક્ષી દિવાસ્વપ્ન' કાર્યશાળામાં ધો. ૧–૨ના ત્રણેય વિષયોની ક્ષમતાઓને પ્રવૃત્તિઓ દ્વારા શિબિરાર્થીઓએ પ્રત્યક્ષ અજમાયશ કરી અનુભવ લીધો અને પ્રવૃત્તિમય શિક્ષણ માટે વિશ્વાસ મેળવ્યો. ભવિષ્યમાં તૈયાર થનારા પાઠ્યપુસ્તકોને આ બંને કાર્યશાળાઓએ અગત્યનો આધાર પૂરો પાડેલ.

આ પછી તરત જ ગાંધીનગર ખાતે ઑગસ્ટ ૧૯૯૭માં એક કાર્યશિબિર યોજાઇ ગઇ તેમાં ભાષા, ગણિત અને પર્યાવરણ શિખવવા માટેના સુયોગ્ય અભિગમની સમજણ ઊભી કરવાનો મુખ્ય ઉદ્દેશ હતો. સાથે સાથે બાલકેન્દ્રી શિક્ષણ તેમજ બાળકો માટે આનંદદાયી અને ભારરહિત શિક્ષણ માટે પાઠ્યપુસ્તકોમાં કેવા જરૂરી ફેરફારો જણાય છે તે નક્કી કરવાનો ઉદ્દેશ પણ હતો. ત્રણેય વિષયોને શીખવામાં અને શીખવવામાં પડતી મુશ્કેલીઓ અને ખોટી ધારણાઓ પર ધ્યાન કેન્દ્રિત થયું. ત્રણેય વિષયોના પાયાના કૌશલ્યોને સિદ્ધ કરવા શું પગલાં લઇ શકાય તેની સ્પષ્ટ ચર્ચા કરવામાં આવી.

કદમ આગળ વધારતા ડિસેમ્બર ૧૯૯૭માં પણ એક ખૂબ જ અગત્યની કાર્યશિબિર યોજાઇ ગઇ. આ કાર્યશિબિર પ્રથમ ત્રણ કાર્યશિબિરના નિર્ણયોને અમલમાં મુકવામાં આવે તો 'વર્ગમાં શું થશે' એની કલ્પના કરવામાં મદદરૂપ થાય તે હેતુથી આયોજિત કરવામાં આવી. આ કાર્યશિબિરનું કેન્દ્રબિંદુ રહ્યું 'પ્રવૃત્તિ' એનો ખ્યાલ અને પ્રવૃત્તિ કેવી રીતે વર્ગખંડમાં ભણવાની પ્રક્રિયાને પોષે છે એની સમજણ. 'પ્રવૃત્તિની કવાયતે' કોઇપણ પ્રવૃત્તિમાં આયોજન અને કરવામાં પડતી મુશ્કેલીનો અંદાજ આપ્યો.

ત્યારબાદ વિષયો અને તેના આધારે તેના પાઠ્યપુસ્તક કેવા હોવા જોઇએ તેની મથામણ શરૂ થઇ પ્રારંભિક ધોરણોમાં ભાષા, ગણિત અને પર્યાવરણ શિક્ષણની મુશ્કેલીઓ રજૂ કરી અને એમને હલ કરવામાં પ્રવૃત્તિ આધારિત ભણતર કેવી રીતે મદદ કરી શકે તેની ચર્ચા પણ થઇ. ચર્ચાઓના આધારે એવું તારણ નીકળ્યું કે ભાષા અને પર્યાવરણ વચ્ચે સમન્વય શક્ય છે અને ગણિતને સ્વતંત્ર વિષય રાખવો. આ કામ શરૂ કરવા માટે SRGમાં ૩૦ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો. અભ્યાસક્રમમાં ફેરફાર લાવવા માટેની સીધી પ્રક્રિયામાં પહેલીવાર એમ બન્યું કે શિક્ષકોનો ઔપચારિક રીતે સમાવેશ થયો હોય.

SRG દ્વારા ધોરણ ૧ થી ૪ના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક પુનઃરચનાની વિચારણા શરૂ થઇ. આ વિચારણામાં વય–સ્તર અને બાળકોની અપેક્ષાઓ, શરૂઆતમાં

ભારણ ઓછું, અનુભવજન્ય અને પ્રવૃત્તિ આધારિત અભિગમ, બાળકોમાં સ્વતંત્ર રીતે શીખવાની પ્રક્રિયાને ઉત્તેજન, સ્મૃતિના ઉપયોગની તકો, આદિવાસી બાળકો જેવા વિશિષ્ટ જૂથોની આવશ્યકતાઓ, કોયડાઉકેલ પર ધ્યાન અને કાર્યકારણ સંબંધની સમજણ, કલ્પનાવિકાસ, સર્જન અને વિસ્તરણ અને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર અભ્યાસક્રમની બાબતોમાં ફેરફાર કરવાનું શિક્ષકોને સ્વાતંત્ર્ય જેવી બાબતોની ચર્ચા થઇ.

આટલું નક્કી થાય પછી હવેનું પગલું હતું અગાઉ તારવેલા માપદંડોને સુવ્યવસ્થિત કરી ફરીથી ઘડવાનું. ઘણી બધી ચર્ચાઓના અંતે SRGએ નોંધ્યું કે અભ્યાસક્રમ સંતોષકારક કહી કાય; પરંતુ પાઠ્યપુસ્તકો સુધારવાની જરૂર છે.

જેના આધારે ગાંધીનગર નજીક અમિયાપુર ખાતે એક કાર્યશિબિર યોજાઇ જેનું નામ હતું.

'પાઠ્યપુસ્તક સમીક્ષા અને પાઠ્યપુસ્તક પુનઃરચના અને અંતિમ સ્વરૂપ માટેની કાર્યશિબિર' આ શિબિરમાં નીચે જેવા નિર્ણયો લેવાયા.

૧. ભાષા અને પર્યાવરણ માટે ધોરણ ૧ અને ૨માં એક જ પાઠ્યપુસ્તક કરવું જેમ કે વિષયવસ્તુ પર્યાવરણનું હોય અને માધ્યમ ભાષા હોય.

૨. ક્ષમતામાં જરૂરી ફેરફાર કરી ગણિત વિષયવસ્તુની રજૂઆત સરળ અને રસપ્રદ કરવી.

કેટલાક વિષયવસ્તુમાં થોડી કાપકૂપ કરવી. જેમ કે ધોરણ ૧માં ૧થી ૫૦ અને ધોરણ ૨માં ૫૧–૧૦૦ સંખ્યાનું જ્ઞાન આપવું.

૩. વિગતવાર શિક્ષક પ્રવૃત્તિ તૈયાર કરવી. જેમાં પ્રત્યેક પાઠ માટે પદ્ધતિ અંગે અને ભણવા–ભણાવવાની સામગ્રી તૈયાર કરવા માટે માર્ગદર્શન હોય. શું કરવું જોઇએ અને સામાન્ય રીતે શું ન કરવું તેમજ શું ક્યારેય ન કરવું એ અંગે સૂચનો હોવા જોઇએ.

ઉપરના ત્રણેય નિર્ણયો SRGનું અદ્‌ભુત જૂથકાર્ય, દલીલો અને ચર્ચાના અંતે લેવાયેલા હતા. પ્રથમ દલીલમાં પર્યાવરણની વિષયવસ્તુના શિક્ષકે બાળકોને એમના અનુભવોના આધારે શીખવવાની હોય છે... અને એમાં સ્વતંત્ર પાઠ્યપુસ્તકની જરૂર નથી. સાથે સાથે એક અગત્યના તારણના આધારે પણ આ નિર્ણય લેવાયો કે 'બાળક શીખે ત્યારે એનું શીખવાનું સમગ્રતયા થયું હોય છે, એની શીખવાની પ્રક્રિયા (જ્ઞાનપ્રાપ્તિ)માં ગણિત, ભાષા કે પર્યાવરણ એવા ભાગલા નથી હોતાં.'

આટલી પાયાની સમજ નક્કી થયા બાદ અભ્યાસક્રમ પુનર્ગઠન તેમજ પાઠ્યપુસ્તકની નવરચનાનું કાર્ય શરૂ થયું. સાથે અગત્યની બાબત હતી શિક્ષક શિક્ષક આવૃત્તિની રચના... તમામ કાર્યશિબિરમાં વારંવાર શિક્ષકો માટે જે બાબતો માગદર્શન માટે નક્કી થયેલ તે આ હતી. પાઠોનું આયોજન, મૂલ્યાંકન અને વ્યક્તિગત રસને અનુલક્ષીને વૈકલ્પિક અભિગમ અપનાવવો.

આમ શિક્ષક આવૃત્તિ, શિક્ષક માટે માર્ગદર્શિકા બનશે અને એમને સ્થાનિક સંદર્ભમાં અભ્યાસક્રમને મૂલવવાની પ્રેરણા આપશે. ભણવા ભણાવવાની સસ્તી સામગ્રી તૈયાર કરવા માટે અને સ્થાનિક પર્યાવરણનો ઉપયોગ કરવા માટે માર્ગદર્શન આપવાનું પણ નક્કી થયું. ઉપરાંત શિક્ષક પ્રવૃત્તિમાં આમેજ કરવા માટેના અગત્યના મુદ્દાઓની યાદી પણ તૈયાર કરવામાં આવી. આ ઉપરાંત એક મહત્ત્વની પ્રક્રિયાને પણ અહીં સ્થાન આપવામાં આવ્યું અને તે પ્રક્રિયા હતી – સ્કુલ પ્લેસમેન્ટ કાર્યક્રમ. એમ નક્કી કરવામાં આવ્યું કે SRGના તમામ સભ્યોએ પ્રાથમિક શાળામાં જઇ પ્રત્યક્ષ વર્ગખંડમાં જઇ એક શિક્ષક તરીકે બાળકો સાથેના વર્ગવ્યવહાર થકી પ્રાથમિક શિક્ષણનો અનુભવ લેવો. સ્કુલ પ્લેસમેન્ટ

કાર્યક્રમ આ તમામ સભ્યો માટે ખૂબ જ સફળદાયી અને આગામી સમગ્ર પ્રક્રિયામાં ઉપયોગી નીવડ્યો.

**શિક્ષક આવૃત્તિ**

ધોરણ ૧ની ભાષા–પર્યાવરણના પાઠ્યપુસ્તકની શિક્ષણ આવૃત્તિમાં શરૂઆતમાં એક કોઠો મૂકવામાં આવ્યો હતો કે જેમાં શિક્ષકોને દરેક પાઠમાં ભાષાની ક્ષમતાઓ અને પર્યાવરણની વિષયવસ્તુ સાથે રાખી કેવી રીતે અધ્યયનકાર્ય કરાવી શકાય તેની સમજૂતી આપવામાં આવી હતી. દરેક પાઠની પહેલા ૨/૩ પાનાં શિક્ષકોને ક્યા ક્રમમાં કેવી રીતે પાઠને આગળ ચાલવાનું છે તેની સ્પષ્ટ સમજૂતી આપેલી હતી. દરેક પાઠની શરૂઆત એક રેખાચિત્રથી કરવામાં આવી હતી. જે પાઠને અનુરૂપ હોય અને બાળકોએ તેમાં રંગપૂરણી કરવાની હોય... બાળકનો શીખવાનો ક્રમ બહુ જ સુનિર્દેશિત હતો. દરેક પાઠના અંતે એક કોરૂં પાનું રાખવામાં આવેલ જેમાં શિક્ષકોને પા ભણાવતાં જે જે મુશ્કેલીઓ પડી હોય કે નવી કોઈ પ્રયુક્તિ ઉમેરી હોય તેની વાત રજૂ કરવાની હતી.

તે જ રીતે ગણિતની શિક્ષક આવૃત્તિમાં સૌ પ્રથમ બાળકોના પૂર્વાનુભવોથી શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં નાનું મોટું, લાંબુ–ટૂંકું, જાડું–પાતળું વગેરે સંકલ્પનાઓની વાત કરવામાં આવી હતી અને પછી સંખ્યાજ્ઞાનની શરૂઆત કરવામાં આવેલ. દરેક પ્રકરણમાં સૌ પ્રથમ પૂર્વજ્ઞાનની પ્રવૃત્તિ, રંગપૂરણીની પ્રવૃત્તિ, અભિમુખતાની પ્રવૃત્તિ, દૃઢીકરણની પ્રવૃત્તિ, મહાવરાની પ્રવૃત્તિ જેવો ક્રમ જળવાયો હતો. ગણિતમાં પણ વાર્તા, રમતો અને અભિનયગીતો હોઈ શકે તે આ પાઠ્યપુસ્તક દ્વારા સુનિશ્ચિત થયું.

SRG દ્વારા નક્કી થયેલ ધો. ૧ નો અભ્યાસક્રમ, શિક્ષક આવૃત્તિમાં અમેજ કરવાની બાબતોની સ્પષ્ટ સૂચનાઓની યાદી તથા ભાષા પર્યાવરણનું એક અને ગણિતનું અલગ એમ બે પાઠ્યપુસ્તકો રચવા લેખકોએ કાર્ય શરૂ કર્યું.

પાઠ્યપુસ્તકો અને શિક્ષક આવૃત્તિ તૈયાર થયે SRG સમક્ષ સમીક્ષા માટે મૂકવામાં આવેલ. સમીક્ષા દરમ્યાન સૂચવેલ સૂચનો સર્વસ્વીકાર્ય બનતા એ મુજબ આ પુસ્તકોમાં સુધારો કરી DPEPના ૩ જિલ્લાઓ બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગની આશરે ૪૦૦ શાળાઓમાં અજમાયશી ધોરણે આ પાઠ્યપુસ્તકો મૂકવામાં આવ્યા. અજમાયશી મુકતા પહેલાં પાઠ્યપુસ્તકોના લેખકોએ RPsને તાલીમ આપી અને RPsએ શિક્ષકોને તાલીમ આપી 'આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી' નવાં પાઠ્યપુસ્તકોનો અમલ શરૂ થયો. શાળા કાર્ય દરમ્યાન પણ SRGના સભ્યો દ્વારા શાળા મુલાકાત લઈ અમલીકરણના તમામ પાસાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરેલ અને શિક્ષકોના મંતવ્યો અને સૂચનો મેળવેલ.

શિક્ષકોના સૂચન અનુસાર પાઠ્યપુસ્તકમાં જરૂરી ફેરફાર કરી, SRGની સંમતિ સાથે DPEPના આ ત્રણેય જિલ્લાઓની તમામ શાળાઓમાં આ દ્વિતીય અજમાયશીકરણ માટે પાઠ્યપુસ્તકો અમલમાં આવ્યા. સાથે અન્ય જિલ્લાઓની ૨૦–૨૦ શાળાઓમાં પણ અજમાયશી ધોરણે અમલમાં મૂકવામાં આવ્યાં.

ધો.૧ના પ્રથમ આજમાયશી સમય દરમ્યાન લેખકો દ્વારા આ જ પદ્ધતિએ ધો. ૨ના ભાષા પર્યાવરણનું એક અને ગણિતનું એક એમ બે પુસ્તકો અને તેની શિક્ષક આવૃત્તિ તૈયાર કરી SRG સમક્ષ સમીક્ષા માટે મુકાયેલ અને સંમતિ મળતાં ધો. ૨ની પ્રથમ આશરે ૪૦૦ (અગાઉ ધોરણ ૧માં લીધેલ જ શાળાઓ) શાળાઓમાં અજમાયશી ધોરણે અમલમાં મૂકવામાં આવેલ.

આ સમયે પણ SRG દ્વારા શાળા મુલાકાત અને ધો.૧ અને ૨ના શિક્ષકોની રૂબરૂ મુલાકાત લઈ તેમના સ્પષ્ટ પ્રતિભાવો અને સૂચનો મેળવેલ. પ્રથમ અને દ્વિતીય તબક્કાના

અજમાયશી સમય દરમિયાન SRGના સભ્યો તેમજ જિલ્લાના અધિકારીઓ – કર્મચારીઓ દ્વારા સમયાંતરે સઘન શાળા મુલાકાત કરવામાં આવતી. જેમાં સભ્યો દ્વારા ધોરણ ૧ અને ૨ના વર્ગખંડમાં શિક્ષક દ્વારા થતા અધ્યાપનકાર્યનું ખૂબ જ ઝીણવટથી અવલોકન કરવામાં આવતું અને ત્યારબાદ તે શિક્ષક સાથે રૂબરૂ મુલાકાત પણ કરવામાં આવતી. જેમાં પાઠ્યપુસ્તકનાં શિક્ષક પ્રવૃત્તિનાં દરેક પ્રકરણના અભિપ્રાયો મેળવવામાં આવતા. શાળા મુલાકાતના સમગ્ર કાર્યક્રમ બાદ મળેલ અભિપ્રાયોનું એકંદરીકરણ કરી તેના ઉપર પુખ્ત ચર્ચા વિચારણાના અંતે પાઠ્યપુસ્તકોમાં જરૂરી સુધારા પણ કરવામાં આવ્યાં. સમગ્ર પ્રક્રિયા આ બંને વર્ષ દરમ્યાન ખૂબ જ આયોજનબદ્ધ અને પરિણામલક્ષી રીતે ચાલી, અને જૂન ૨૦૦૧થી ધોરણ ૧ના બંને વિષયના પાઠ્યપુસ્તકો ભાષા (ગુજરાતી–પર્યાવરણ) અને ગણિત રાજ્ય કક્ષાએ અમલમાં આવ્યા. આ જ પ્રકારે ધોરણ ૨ના પાઠ્યપુસ્તકો જૂન ૨૦૦૨થી રાજ્ય કક્ષાએથી અમલમાં આવ્યા.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં સૂચવેલ બાબતો અને ઉપરોક્ત પ્રવૃત્તિલક્ષી અને આનંદમદાયી પાઠ્યપુસ્તકો તથા શિક્ષક પ્રવૃત્તિની તુલના કરવાનો પ્રયાસ કરેલ છે.

**- ડૉ. કોમલ વ્યાસ,**

સિ. લેક્ચરર, ડાયેટ, અમદાવાદ–શહેર.

Email : komalshreyas8569@gmal.com

**સાભાર : કેળવણી વિમર્શ, વર્ષઃ૭, અંક-૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૨**

# શ્રદ્ધાંજલિ

**જન્મ**
**તા. ૬-૧૦-૧૯૭૦**



**મૃત્યુ**
**તા. ૩૧-૧૨-૨૦૨૧**

## સ્વ. કોકિલાબેન ગિરીશભાઈ પરમાર

**સેવક**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર**

**આપશ્રી અત્રેની કચેરીમાં તા.૨૭-૦૪-૨૦૦૫માં સેવક તરીકે જોડાઇને (૧૬ વર્ષ ૮ મહિના અને ૩ દિવસ) ફરજ બજાવી. આપનું આકસ્મિક અવસાન થયું, આપશ્રીએ બજાવેલી નિષ્ઠાપૂર્વકની કામગીરીને નમન કરીએ છીએ. દિવ્ય ચેતનાને પરમાત્મા પરમ વિશ્રામ આપે તેવી પ્રભુ પ્રાર્થના... ૐ શાંતિ...**

**શોકાતુર**
**ડાયેટ પરિવાર - સુરેન્દ્રનગર**


WELCOME




શિક્ષણ વિભાગ અને જી.સી.ઇ.આર.ટી..







# ૨૩મી માર્ચ
# શહીદ દિવસ

શહીદ દિન... જે દિવસે ભગતસિંહ, સુખદેવ અને રાજ્યગુરૂ દેશ માટે શહીદ થયા. લોક ચેતનાને હચમચાવવા પાર્લામેન્ટમાં બોમ્બ ફેંકીને જેમને સામે ચાલીને આવી દેશ માટે ફાંસીના ફંદાને જાતે ચુમીને ગળામાં નાખી શહીદી વ્હોરીને ક્રાંતિકારીઓના ઈતિહાસનું ટર્નીંગ પોઈન્ટ સાબિત થયા તે ભગતસિંહ, સુખદેવ અને રાજ્યગુરૂને શત શત વંદન...

ભગતસિંહ, શિવરામ, રાજગુરૂ અને સુખદેવ સામે અંગ્રેજ પોલીસ અધિકારી સોન્ડર્સની હત્યાનો આરોપ હતો. લાલા લજપતરાય પર લાઠીચાર્જ અને પછી તેમના દેહાંતથી સમસમી ઉઠેલા ભગતસિંહ સાથીદારોએ આ અધિકારીને ૧૭મી ડિસેમ્બર, ૧૯૨૮ના રોજ ઠાર કર્યા હતા. તે પછી ભગતસિંહે ૧૯૨૯માં ૮ એપ્રિલે ધારાસભામાં બોંબ ફેંક્યો હતો. પકડાયા પછી કેસ ચાલ્યો હતો. ૧૯૩૦માં સાતમી ઓક્ટોબરે ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂને ફાંસીની સજા ફરમાવાઈ હતી. ૧૯૩૧માં નક્કી થયા મુજબ ૨૪મી માર્ચે ફાંસી આપવાની જાહેરાત થયેલી. સમગ્ર દેશમાં એની ચર્ચા અને વિરોધ વ્યાપક બનેલાં. સરકારે વિરોધના ડરથી એક દિવસ પહેલા, ૨૩મી માર્ચે, સાંજે ત્રણેયને અચાનક ફાંસીએ લટકાવી દીધા હતા. ફાંસી પછી, ચૂપચાપ, ઉતાવળે, સતલજ નદીના કિનારે હુસૈનીવાલા ફિરોજપુરમાં અંતિમ સંસ્કાર કરી દીધેલા.

બુક–પોસ્ટ

To ____________________

____________________

____________________

**રવાના :**
શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

મુદ્રક : શ્રીજી કોમ્પ્યુટર્સ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૦)